International Referred Journal 2321 : 216

AYUDH

16th Issue
January-February-March 2015

Editor
Dr. Nehal Kalavadiya

ISSN: 2321-2160

અનુસૂચિત જાતિ અને પંચાયતી રાજ

ડૉ. જીતુભાઇ આર. ખાણિયા
અધ્યાપક સહાયક,
મનોવિજ્ઞાન વિભાગ,
આણંદ આર્ટસ કોલેજ, આણંદ

પૂર્વભૂમિકા :

ભારત દેશ અનેક નાના-મોટા ગામડાઓનો બનેલો દેશ છે. ભારત દેશ અંગ્રેજોના આગમન પહેલાથી સમૃદ્ધ અને ધનાઢય હતો. આ દેશમાં અનેક લોકો રાજ કરી ગયા છે. જેમાં આર્યો, અનાર્યો, દ્રવિડો જેવી પ્રજાઓએ રાજ કર્યું છે. ઇસ્લામિક શાસકોના શાસન દરમિયાન ભારત અને યુરોપના દેશો વચ્ચે જળ-જમીન માર્ગે વેપાર ચાલતો હતો. એશિયા અને યુરોપના વેપારી માર્ગનું મુખ્ય પ્રવેશ દ્વાર કોન્સ્ટેન્ટિનોપલ (હાલનું ઇસ્તંબૂલ) તુર્કોએ જીતી લેતા, જળમાર્ગોથી ચઢાણ શરૂ કર્યું. તેમાં પોર્ટુગલના વાસ્કો-દ-ગામાને સફળતા મળી. ભારતમાં ફિરંગીઓ અને ત્યાર પછી ડચ (હોલેન્ડ) લોકો વેપાર કરવા આવ્યા. ત્યારબાદ પોર્ટુગલના ફિરંગીઓને સમૃદ્ધ થતા જોઇ અંગ્રેજ વેપારીઓને ભારત સાથે વેપાર કરવાની ઉત્સુકતા જાગી. ભારત જેવા દૂરના દેશ સાથે વેપાર કરવા અંગ્રેજોએ વ્યકિતગત સાહસને બદલે સંયુકત સાહસ કર્યું. આ સમય દરમિયાન ઇંગ્લેન્ડના કેટલાક વેપારીઓએ ઇ.સ. ૧૬૦૦ માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરી. ઇંગ્લેન્ડની રાણી એલિઝાબેથે આ કંપનીને પંદર વર્ષ માટે ભારતમાં વેપાર કરવાની પરવાનગી આપી. અંગ્રેજોને ભારતમાં વેપાર અને શાસનની સફળતા પાછળ ઇસ્લામિક શાસનને અત્તિ તીવ્ર જવાબદાર ગણવામાં આવે છે.

ઘણાં ઇસ્લામિક શાસકોની મેલી મુરાદોને કારણે અંગ્રેજો ભારતમાં પ્રવેશ્યા એ સમય દરમિયાન પણ ભારતના ગામડાઓમાં ગ્રામસમિતિ, ગ્રામ સભા અને ગ્રામ પંચાયતો ભરાતી હતી અને તેનું સંચાલન સમાજના અગ્રવર્ગોના લોકો ચલાવતા હતા. મુખી, પટેલ અને પંચોની નિયુકતી વશં કે જ્ઞાતિના આધારે થતી હતી. પંચ એજ પરમેશ્વર નું સ્વરૂપ લોકો સમજતા અને તેના બધા જ નિર્ણયોને પ્રજા માન્ય રાખતી હતી. ભાગ્યે જ કોઇ નબળા વર્ગના લોકોને પંચાયતોમાં સભ્યપદ અપાતું જેમાં પસંદગી એવા દલિતોની થતી જે વ્યકિત પંચના અન્ય સભ્યો સમક્ષ બોલવાની હિંમત ન કરી શકે. આ અઢારમી અને ઓગણીસમી સદીનાં સમાજમાં ઉજળીયાત લોકોની માનસિકતા નબળાં અને દલિત લોકો પ્રત્યે ભેદભાવ ભરી હતી. જેવા કે જ્ઞાતિવાદ, જાતિવાદ, વંશવાદ, રૂઢિગતતા, ઇજારાશાહી, લઘુતાગ્રંથી, અંધશ્રદ્ધા અને વહેમોથી સમાજના લોકો પીડાતા હતા. અંગ્રેજોએ જોયું કે, આ દેશની તો અંધેરીનગરી જેવી હાલત છે અને અહીંયા તો અસંગઠિત લોકોનીજ જમાત ભેગી થઇ છે તો અહીંયા શાસન પણ થશે અને વેપાર પણ કુલશે-ફાલશે. અંગ્રેજો આવ્યા હતા વેપાર અર્થે પરંતુ ભારતીય પ્રજામાં કુસંપ જોઇને વર્ષો સુધી શાસન કર્યું.

સ્વતંત્ર સંગ્રામની ગાથા તરીકે અંગ્રેજી શાસનનો વિરોધ અને અંગ્રેજોની ગુલામીની અસહ્ય પીડાથી ઘણા બધા ક્રાંતિવીરોએ એ દેશને આઝાદી અપાવવા બલિદાન આપ્યું. જે ઇતિહાસના ચોપડે સુવર્ણ અક્ષરે લખાયું છે. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ના દિવસે ભારત દેશ આઝાદ થયો, આઝાદીની સાથે અનેક સમસ્યાઓ ઉભી થઇ. પ્રથમ તો ભારત જેવા વિશાળ દેશનું સંચાલન કેવી રીતે કરવું તે સમયે ભારત દેશમાં સાક્ષરતા અને જાગૃતતાનો અભાવ હતો. છતાં ઘણા બધાં બુદ્ધિજીવીઓએ આખા દેશનું શાસન ચલાવવા માટે લોકશાહીને વિકેન્દ્રીકરણ નો ખ્યાલ આપ્યો. તે ખ્યાલમાંથી છેવાડાના ગામડાને પણ સ્વરાજ મળે તેવા પ્રયાસ થયા. ઘણા બધા સ્વતંત્ર સેનાનીઓનો મત એવો હતો કે લોકસભા, રાજયસભા અને વિધાનસભાની જેમ જ પંચાયતી રાજનો બંધારણમાં સમાવેશ થવો જોઇએ. એ વખતે ભારતીય બંધારણ સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ

આંબેડકર પંચાયતી રાજના સખત વિરોધી રહ્યા. કારણ કે, એ જાણતા હતા કે જે ગામડામાં ગાંધીજી સ્વરાજ્ય લાવવાની વાત કરે છે એ ગામડું અંધશ્રધ્ધા, વહેમ, કુટેવો, જ્ઞાતિવાદ, જાતિવાદ, રૂઢિવાદતાથી ઘેરાયેલો છે. આ ગામડામાં રહેનાર જે ઉચ્ચવર્ગના સબળ લોકોમાં મનો-સામાજિક રીતે પરંપરાગતથી જ આ વણાયેલું છે. જેમાં ફેરફાર થઇ શકે તેમ નથી માટે પંચાયતીરાજમાં નબળા અને પછાત વર્ગના લોકોને અન્યાય થશે અને પરંપરાગત રીતે જ લોકો પંચાયતો પર રાજ ભોગવશે. માટે આંબેડકર પંચાયતી રાજના વિરોધી રહ્યા હતા. ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ માં ભારત દેશનું સર્વોચ્ચ બંધારણનું જયારે વ્યવહારીક રૂપે અમલ થયો ત્યારે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુંને (Democracy Decenteralition) લોકશાહી વિકેન્દ્રીકરણના ભારેખમ શબ્દને બદલે પંચાયતી રાજ જેવા સરળ શબ્દનો ઉપયોગ કર્યો. પંડિતજી ઉદારમતવાદી હોવાથી તેમણે પંચાયતી રાજ પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રાખી હતી. આ પંચાયતી રાજમાં નબળો વર્ગ પણ સબળ બને Weaker Section ને Stronger Section બનાવવું હોય તો સર્વત્ર સમાજને equity અને equality આપવાની જરૂરિયાત છે. પરંતુ એ આજ સુધી શકય બન્યું નથી.

લોકમાનસમાં પરિવર્તન લાવવું એટલું સહેલું નથી. સર્વત્ર સમાનતાની સાથે-સાથે સામાજિક, આર્થિક, રાજકીય અને માનસિક સમાનતાની જરૂરિયાત છે. વિનોબા ભાવેના શબ્દોમાં નબળા વર્ગના લોકો ત્યારે જ સશકત બનશે જયારે સર્વોદય સમાનતાની નીતિ ઉજાગર બનશે.

પંચાયતી રાજમાં અનુસૂચિત જાતિના નબળી સ્થિતિના કારણો :

- પંચાયતી રાજના પ્રણેતા ગર્વનર જનરલ લૉર્ડ રિપન ગણાય છે. અંગ્રેજોના શાસનમાં પણ ગ્રામ સ્વરાજ હતુ અને આજે પણ છે. એ સમય દરમિયાન સબળો વર્ગ નબળા વર્ગ ઉપર જોરજુલ્મ કરતો હતો. પંચાયતોમાં મુખી પદે દલીતોનું સ્થાન બિલકુલ ન હતું. પરંતુ નહિવત પ્રમાણમાં અમૂક દલિતોને નગરપંચ અને ગ્રામપંચનો સભ્ય બનાવવામાં આવતો તે સભ્ય ઉચ્ચ વર્ણના લોકોની હા માં હા પરોવે એવો પસંદ થતો હતો. આજે પણ આ ૨૧મી સદીના યુગમાં પણ પંચાયતી રાજમાં દલિતોની સ્થિતિ આવી જ છે. ઘણે અંશે સુધારો થયો છે. પરંતુ સમ-સમાનતાનો અભાવ આજે પણ જોવા મળે છે.
- ગાંધીજીના મતે ગામડાનું સ્વરૂપ એટલે કે જયાં ભૌતિકવાદથી પર રહીને સુખમય જીવનની સાધના માટેનું સ્થાન એટલે ગામડું પરંતુ આ ગામડાની અંદર જીવતા લોકોનું જીવન ધોરણ કંઇક જુદું છે. એ જમાનામાં દલિતો પર અત્યાચાર થતા હતા આજે પણ થાય છે. કાયદાની પરવાહ કર્યા વિના સબળો વર્ગ નબળા વર્ગ પર આધિપત્ય સ્થાપવાની કોશિષ કરતો રહ્યો છે.
- આજે દલિત લોકો તેના અધિકાર અને હકો વિશે સભાન જરૂર થયા છે ! પરંતુ એવા દલિતોનું પ્રમાણ કેટલું ?... અધિકારો અને હકો વિશેની સભાનતાનું પૂર્ણ સ્વરૂપ દલિતોને મળે એ જરૂરી છે.
- ઘણી ગ્રામ પંચાયતોમાં આજે પણ દલિત વર્ગના વ્યકિતને પંચાયતના અગ્ર વર્ગના સભ્ય સામે ખુરશી રાખીને બેસવાનો સ્વતંત્ર અધિકાર મળ્યો નથી. મુકત રીતે બેસી શકતા નથી. કદાચ કોઇ કાયદાના ડરથી બેસવા પ્રેરે છે. પરંતુ એ ડરના કારણે, મુકત રીતે તો નહિ જ ! ઘણી ગ્રામ પંચાયતોમાં દલિત સભ્યોને માટે પાણી અને ન્હાના વાસણો અલગ રાખવામાં આવે છે. આનાથી મોટું હળાહળ અન્યાય અને અપમાન બીજું તો શું હોઇ શકે. તેની પાછળના કારણો સામાજિક વર્ગના આધારે વણાયેલી માનસિકતા જવાબદાર છે.

- ગ્રામ પંચાયતોમાં અનામતને આધિન કોઇ દલિત સરપંચ હોય તો ઉજળિયાત સમાજના લોકો તેની માનસિક સતામણી, શારીરિક સતામણી કરવાનું છોડતા નથી. રૂઢિ અને અહંમવાદી માનસિકતા ધરાવતા લોકો દલિત સભ્યને માનસિક અને શારીરિક રીતે નુકસાન પહોંચાડવાનું ચુકતા નથી.
- અસ્પૃશ્યતાની વાત કરીએ તો, સૌરાષ્ટ્રના કેટલાક ગામડાઓમાં આજે આ વૈશ્વિકરણના યુગમાં પણ દલિત લોકોની સ્થિતિમાં કોઇ સુધારો થયો નથી. આજે પણ દલિત લોકો મજૂરી અર્થે જાય તો સાથે પોતાનું વાસણ રાખવું પડે છે અને પોતાના વાસણમાં બપોરનું ભોજન, ચા, પાણી લેવામાં આવે છે. આ સ્થિતિમાં કોઇ સુધારો હોય એવું જોવા મળતું નથી.
- તદ્ઉપરાંત શાહુકાર વર્ગના લોકોને ત્યાં શુભ પ્રસંગે દલિત વર્ગના લોકોને જમવાનું આમંત્રણ હોય તો જમવાનું અલગ જગ્યાએ રાખવામાં આવે છે અને સાથે વાસણ લઇને જવું પડે છે. આ સ્થિતિ સૌરાષ્ટ્રના કેટલાક ગામડાઓમાં જોવા મળે છે. આ પંચાયતી રાજના નબળા વર્ગોની વાસ્તવિક સ્થિતિ દર્શાવે છે.
- રાષ્ટ્રીય સર્વેના આધારે અશોક મહેતા સમિતિએ Weaker Section પાછળના કેટલાક કારણો રજૂ કર્યા હતા. તેમના મતે સ્વશાસનમાં સુધારો કરવો હોય તો છેવાડાના ગામડાને ધ્યાનમાં રાખવા પડશે અને બંધારણમાં પંચાયતી રાજનો સમાવેશ કરવાની હિમાયત કરી હતી.

૭૩માં બંધારણીય સુધારામાં અહેવાલ તરીકે પંચાયતીરાજ વ્યવસ્થા પોતે પણ પોતાની પડતી માટે કેટલેક અંશે જવાબદાર હતી. કારણ કે આ સંસ્થાઓમાં પ્રભુત્વ કહેવાતી ઉંચી જાતિના લોકોનું હતું. આથી બહુમતી પછાત વર્ગના લોકો પંચાયતી રાજ વ્યવસ્થાથી ઘણાં અસંતુષ્ટ હતા. એમની દ્રષ્ટિએ પંચાયતી રાજ વ્યવસ્થા ઉચ્ચ જાતિના અને સમૃદ્ધ લોકોના હિત માટેની સંસ્થાઓ હતી. એમ તેના રાષ્ટ્રીય અહેવાલમાં જોવા મળ્યું છે. ત્યારબાદ લગભગ ૧૯૯૨ પછી પંચાયતી રાજનો બંધારણના ભાગરૂપે સમાવેશ થયો છે. આમ જોવા જઇએ તો માત્ર આરક્ષણ આપવાથી કે શિક્ષણ આપવાથી કાંઇ દલિત લોકોનો ઉદ્ધાર થવાનો નથી, પરંતુ જ્યાં સુધી માનસિકતામાં સુધારો જોવા નહીં મળે ત્યાં સુધી બધું વ્યર્થ છે.

પંચાયતી રાજમાં અનુસૂચિત જાતિની સમાનતા માટેના સૂચનો :

- વૈદિક કાળથી જે વર્ણવ્યવસ્થા જન્મી તેના આધારે કામ નકકી થયા જેના આધારે શુદ્રોને અસ્પૃશ્ય ગણવામાં આવ્યા અને બીજા ઘણા બધા ઉપજાવી કાઢેલા ભ્રામક ખ્યાલોની વર્ણવ્યવસ્થા રચાઇ. જો આવી વાસ્તવિકતા સર્વ લોકો સ્વીકારતા થાય તો અસમાનતા દૂર થઇ શકે છે.
- દરેક માનવી આ પૃથ્વી પરનો જીવ છે. આ દેશનો નાગરિક છે. સર્વને જીવવાનો સમાન અને સ્વતંત્ર અધિકાર છે. એમાંય પણ દલિત એક માનવી છે અને તેની સાથે ઉજળિયાત વર્ગના લોકો માનવીય વ્યવહાર કરે એ માટે માનવીના માનવીય મૂલ્યોમાં પરિવર્તન કરવાની જરૂર છે તો જ સમ-સમાનતા કેળવાશે.
- બુદ્ધિ કોઇનો ઇજારો નથી. જેવું કાર્ય ઉજળિયાત વર્ગ કરી શકે તેવું કાર્ય દલિત પણ કરી શકે છે. માત્ર જરૂર છે સમાન તક અને સમસમાનતાની.
- માત્ર શિક્ષણ આપવાથી જ દલિતોનો ઉદ્ધાર શકય નથી, પરંતુ શિક્ષણ એ તો ઔપચારિક પ્રથા છે. સાથે સાથે દલિતો લોકોમાં જાગૃતિના અભ્યાનની પણ તાતી જરૂરિયાત છે.
- કહેવાતા ઉજળિયાત વર્ગના લોકો, ભદ્ર સમાજના લોકો આજે એમ કહે છે કે અસ્પૃશ્યતા રહી નથી, તો એ વાતનો સ્વીકાર કરવો રહ્યો. પરંતુ અસમાનતા તો આજે પણ સમાજમાં પ્રસરી રહી છે અને આજે પણ સવર્ણ લોકો અને દલિત વ્યકિતઓ વચ્ચે જ્ઞાનતંતુનું યુદ્ધ ચાલુ જ છે. જે

સામાજિક રીતે હોય કે આર્થિક કે રાજકીય હોય જ્ઞાનતંતુનું યુદ્ધ તો ચાલુ જ છે. તેમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત છે.

- અહિયા દલિતોની સમાનતાની વાત કરી છે, નહિ કે ઉજળિયાતને પછાડીને આગળ લાવવાની. એકને નીચો દેખાડીને અસમાનતાના ભેદભાવો દૂર કરી શકાતા નથી. પરંતુ બંને વર્ગ સાથે મળીને કાર્ય કરે સમાનતાની સાથે સાથે સમસમાનતાની કેળવણી થવી જોઇએ.
- દલિતોને રક્ષણ આપતા કાયદામાં નૈતિક મૂલ્યોથી સુસારું અને વસ્તુલક્ષી વ્યવસ્થાપન થવું જોઇએ.
- રાજય અને રાષ્ટ્રીય લેવલે પરિસંવાદો થવા જોઇએ અને ગામડામાં જઇને દલિત સ્વજાગૃતિનાં અભ્યાન થવા જોઇએ.
- આજે ઘણી શાળાઓમાં દલિત વિધાર્થીઓ માટે પીવાના પાણી અને બેસવાની વ્યવસ્થા અલગ રાખવામાં આવે છે. તેમાં સંપૂર્ણપણે સુધારો થવો જોઇએ.

સંદર્ભસૂચિ :

૧. સામાજિક વિજ્ઞાન, (૨૦૦૮), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, (SRG) પૃ. ૧, ૩.

૨. શાહ રમેશ મ., આગજા બલદેવ, (૨૦૦૨), ૭૩માં બંધારણીય સુધારા પ્રશ્ચાદ્, ભારતમાં પંચાયતી રાજ., પૃ. નં. ૧૪, ૧૮.

૩. મિશ્રા રાજેશ, (મે-જૂન-૦૮), ખોજ (સામયિક), દેશનું વહીવટીતંત્ર નમી પડયું છે ત્યારે સરદારનો રાજયોગ, પૃ. નં. ૩૮.

ડૉ. જીતુભાઇ આર. ખાણિયા
અધ્યાપક સહાયક,
મનોવિજ્ઞાન વિભાગ,
આણંદ આર્ટસ કોલેજ, આણંદ